# બનાસકાંઠામાં જીલ્લામાં કમોસમી વરસાદ

## ખેતીને નુકશાન અનેક પશુઓના મોત, મકાનોના છાપરા ઉડ્યા : વૃક્ષો ધરાશાયી થયા

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)






ડીસા, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ, ભાભર, ધાનેરા અને ડીસામાં ધૂળેટીની રાત્રે બુધવારે કમોસમી વરસાદ અને વાવાઝોડુ ફૂંકાતા ખેતીના પાકોને વ્યાપક નુકશાન થયેલ છે. આ કમોસમી વાવાઝોડા અને વરસાદથી વીજળી ત્રાટકતા અંદાજીત ૨૦ થી વધારે પશુઓનો મોત થયેલ છે. જ્યારે અનેક કાચા-પાકા મકાનોના નળીયા-છાપરા ઉડતા ગરીબ ખેતમજૂરોને વ્યાપક નુકશાન થયેલ છે. આ કમોસમી વરસાદથી ખેતીપાકમાં જીરૂ, ઈસબગુલ, ઘઉં અને એરંડાના પાકને પણ નુકશાન થતાં ખેડૂતોના મોંમા આવેલ કોળીયો છીનવાઈ જતાં તેમની હાલત દયનીય બનેલ છે. ડીસા પંથકમાં થયેલા નુકશાન માટે તાલુકા વિકાસ અધિકારીએ નુકશાનીનો સર્વે હાથ ધરેલ છે.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ભાભર, ધાનેરા અને ડીસામાં ગત રાત્રે ભારે પવન અને વીજળીના કડાકા સાતે કરા પડ્યા હતા. જેના લીધે અનેક મકાનોના છાપરા અને નળીયા ઉડી ગયા હતા. જેમાં ડીસા તાલુકામાં દામા, કંસારી, ભડથ, યાવરપુરા, લક્ષ્મીપુરા, વરનોડા, ગોઢા ગામમાં વ્યાપક નુકશાન થયેલ છે. તથા સમગ્ર ગામોમાં અંદાજીત ૪૦૦ મકાનોના નળીયા-પતરા ઉડી ગયા હોવાની વિગતો બહાર આવેલ છે. અને અનેકો વૃક્ષો ધરાશાયી થતાં તેમજ વીજળીના થાંભલાઓ તુટી પડતા આ ગામોમાં અંધકાર છવાયો છે. વીજળીના કડાકા અને વાવાઝોડાએ આ વિસ્તારમાં પશુધન પણ અસરગ્રસ્ત બનેલ છે અને વીજળી પડવાથી ૨૦ જેટલા પશુઓ મોતને ભેટેલ છે. ખેતીના પાકને પણ આ માવઠાએ ઘમરોળતા જીરૂ, ઈસબગુલ, ઘઉં અને એરંડાના પાકને વ્યાપક નુકશાન થતાં ખેડૂતો પાયમાલ બનેલ છે.

આ બાબતે દામા ગામના સરપંચ ઈશ્વરભાઈ દેસાઈએ જણાવેલ કે અમારા વિસ્તારમાં ખેતીપાકને વ્યાપક અસર થયેલ છે. અને અનેકો વૃક્ષો ધરાશાયી થયેલ છે. જ્યારે વીજળી પડતા અને મકાનના નળીયા પતરા તુટી પડતા પશુઓના મોત થયેલ છે. રાજ્ય સરકાર ખેડૂતોને થયેલા નુકશાનનું તાત્કાલિક વળતર ચૂકવે તેવું તેમને જણાવ્યું હતું.

જ્યારે આ બાબતે ડીસા તાલુકા વિકાસ અધિકારીએ જણાવેલ કે 'ગત રાત્રીના માવઠાની અસરથી નુકશાનીની ખેડૂતો તરફથી રજૂઆત મળેલ છે. જે મામલે તમામ તલાટી કમ મંત્રીઓને અસરગ્રસ્ત તેમના સંબંધિત વિસ્તારના નુકશાનીના આંકડા લાવવા આદેશ કરાયેલ છે. જે સર્વેની કામગીરી પૂરી થયા બાદ નુકસાનનો સાચો આંકડો મળશે અને યોગ્ય કાર્યવાહી કરાશે.

## પાલનપુરમાં ભાજપના અન્ય ભાષા-ભાષી સેલ દ્વારા હોળી ધૂળેટી પર્વ ઉજવાયું

પાલનપુર, તા. ૨૮


ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા અન્ય ભાષા સેલ દ્વારા આયોજીત હોળી-ધૂળેટીનો કાર્યક્રમ ગતરોજ ઉત્સવ પાર્ટી પ્લોટ પાલનપુર ખાતે ઉજવવામાં આવેલ. આ કાર્યક્રમ જિલ્લા પ્રમુખ ડૉ. કે.એસ. મોગરાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ જેમાં ઉપસ્થિત રહેલ માજી ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, નગરપાલિકા અધ્યક્ષા શ્રીમતી હર્ષાબેન મહેશ્વરી, માજી મંત્રી કચોરીયા, પ્રદેશ કન્વીનર માલધારી સેલ રામાભાઈ દેસાઈ, નવનિર્વાચિત જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષી, પૂર્વ જિલ્લા પ્રમુખ હરેશભાઈ જાની, જિલ્લા કોષાધ્યક્ષ ડૉ. ગણેશભાઈ પટેલ, પૂર્વ શહેર પ્રમુખ મહેશભાઈ ઠક્કર, શહેર પ્રમુખ અનિકેતભાઈ ઠાકર, ઉદ્યોગસેલના જિલ્લા કન્વીનર શૈલેષભાઈ જોષી, જિલ્લા પ્રશિક્ષણ સેલના કન્વીનર ગણપતભાઈ જોષી, નગરપાલિકાનાં કોર્પોરેટરશ્રીઓ તથા અન્ય પદાધિકારીઓ અને કાર્યકર્તા મોટી સંખ્યામાં પધારેલ પરપ્રાંતિય વાસીઓ સાથે ઉમંગભેર હોળી-ધુળેટીનો કાર્યક્રમ ઉજવેલ.

અન્ય ભાષા-ભાષી સેલ દ્વારા પરપ્રાંતિય વાસીઓને ગુજરાતમાં રહીને પણ પોતાની સંસ્કૃતિનું સન્માન જળવાય અને પોતાના પણાનો ભાવ જાગે એવા ધ્યેયથી આ કાર્યક્રમનું સુચારૂ આયોજન અન્ય ભાષા-ભાષી સેલના જિલ્લા કન્વીનર મુન્નાલાલ ગુપ્તા દ્વારા કરવામાં આવેલ.

## પ્રાંતિજ તાલુકામાં સ્વાઈન ફલુથી વધુ એકનું મોત

પ્રાંતિજ, તા. ૨૮

રાજયમાં સ્વાઈન ફલુનો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

વધતા આતંકના પગલે પ્રાંતિજ તાલુકાના તાજપુરના વતની અને તાલુકાના ફતેપુર ગામે શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા એક ૪૭ વર્ષીય શિક્ષકનું સ્વાઈન ફલુના કારણે મોત નિપજતાં ગામમાં ને તાલુકામાં સ્વાઈન ફલુના વાવડથી ભયનું વાતાવરણ ઉભું થવા પામ્યું છે.

પ્રાંતિજ તાલુકાના ફતેપુરા રામપુરાના રહિશ એવા સુરેશભાઈ મથુરભાઈ પટેલને તાવ આવતા તેમને પ્રાથમિક સારવાર કરાવવા છતા સારૂ ના થતા રોગના લક્ષણ વધતાં વધુ સારવાર માટે અમદાવાદ સિવિલિમાં લઈ જવાયા હતા. ત્યાં તેમણે ૨૭મી માર્ચના રોજ તેઓ મૃત્યુ પામ્યા હતા. તેમના પાર્થિવદેહનો અમદાવાદ સિવિલ હોસ્પિટલના નજીકના સ્મશાને અગ્નિદાહ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ તેમના ગામમાં સમાચાર મળતા જ સ્વાઈન ફલુથી થયેલ મોતના સમાચાર મળતા જ ગ્રામજનો મૃત્ય પામનારને ઘરે જઈ ચઢ્યા હતા. સ્વાઈન ફલુની ઝપેટમાં અન્ય કોઈ ન આવે તે માટે પ્રાંતિજ મજરાં પી.એસ.સી દ્વારા તાબડતોબ આવી માર્કર્સ ટેબલેટની વહેંચણી કરવામાં આવી હતી. તેમજ આરોગ્યની ટીમ દ્વારા એવા સૂચનો કર્યા હતા કે કોઈપણને સહેજ પણ લક્ષણ જણાય તો તાત્કાલિક દવાખાનાનો સંપર્ક કરે અને હાથ ધોયા વગર કોઈને હાથ મિલાવવા નહી તેવી આગોતરી ચેતવણીઓ આપવામાં આવી હતી. કારણ કે આ રોગ પ્રસરતા વાર લાગતી નથી અને દર્દી છેલ્લા સ્ટેજમાં આવે પછી જ ખ્યાલ આવતો હોવાથી ત્યાં સુધી ઘણું જ મોડુ થઈ જતું હોય છે.

## ધનસુરા તેમજ દોલતપુર ગામમાં ટેલિફોન સેવા ઠપ્પ

### ટેલીફોન વાયરો કપાઈ જતા અંદાજે ૧૨૦૦ થી વધુ ટેલિફોન બંધ થઈ ગયા

ધનસુરા, તા. ૨૮

ધનસુરામાં કરોડાના ખર્ચે ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે ત્યારે ખોદકામ કરતી વખતે અંડરગ્રાઉન્ડ ટેલિફોન લાઈનના તાર તુટી જતાં અડધા ગામના ટેલીફોન ઠપ્પ થઈ ગયા છે.

ધનસુરા ગામમાં ગટર યોજનાનું કામ ચાલી રહ્યુંછે. જેસીબી મશીનથી ખોદકામ કરવામાં આવતા ખાડામાં ગામના ટેલીફોન વાયરો કપાઈ જતા અંદાજે ૧૨૦૦ થી વધુ ટેલિફોન બંધ થઈ ગયા છે. તેમજ તંત્ર આ મામલે જરૂરી કામગીરી કરી યોગ્ય કામ કરી આપે તેવું સ્થાનિકોની માગણી ઉઠવા પામી છે. ધનસુરાના જ દોલતપુર ગામમાં પણ છેલ્લા એક માસથી ટેલિફોન બંધ હોવાનું જાણવા મળેલ છે. આ ગામમાં તો ટેલિફોન લાઈન મળી હોવા છતાં પણ રજુઆતો કરતા બે કેબલ નાખવા છતા હજુ સુધી ટેલિફોન ચાલુ થતા નથી આ ટેલિફોન લાઈન ટુંક સમયમાં ચાલુ નહી થાય તો ગામના તમામ ટેલિફોન ઓફિસમાં પાછા જમા કરાવવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## પાલનપુર નગરપાલિકાનું પુરાંત વાળુ બજેટ મંજૂર

### રૂ. ૫૨ લાખ ૨૭ હજારનુ પુરાંતવાળુ બજેટ બહુમતિના જોરે મંજૂર કરાયું

પાલનપુર, તા. ૨૮

આજે પાલનપુર નગરપાલિકાના સભાખંડમાં પાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરીના અધ્યક્ષસ્થાને નવા વર્ષ સને-૨૦૧૩-૧૪નું વાર્ષિક બજેટ રજૂ કરી ૨૫ વિરૂદ્ધ ૧૦ મતે બહુમતિએ વિપક્ષના શોર-બકોર વચ્ચે મંજૂર કરાયું હતું.

આજે પાલિકાના સભાખંડ પ્રમુખ હર્ષાબેન અશોકભાઈ મહેશ્વરીની આગેવાની હેઠળ નવા વર્ષના અંદાજપત્ર રૂ. ૫૨ લાખ ૨૭ હજારનુ પુરાંતવાળુ બજેટ બહુમતિના જોરે મંજૂર કરાયું હતું. શહેરના દરરોજ વિકાસના નવા-નવા વિસ્તારો તથા કુલ ૧૪ વોર્ડમાં પાલિકાને લગતા પ્રજાસુખાકારીના કાર્યોની કામગીરી હાથ ધરાતી હતી. મુખ્ય અધિ. યુ.ડી. સિન્ધી, ઓ.એસ. ચંદુભાઈ જોષી સહિત સ્ટાફ હાજર રહેલ. જેમાં આ વખતે પાલિકામાં વોર્ડ નં. ૧૦ના કોંગ્રેસી મ્યુ. સભ્ય મહેશભાઈ એ. પટેલ ધારાસભ્ય બનતા તેઓ પ્રથમવાર હાજર રહેલા સત્તાધારી ભાજપ-વિપક્ષ કોંગ્રેસ દ્વારા સન્માન કરાયું હતું.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

જ્યારે વિપક્ષના આશાબેન રાવલ, ગુલશનબેન વખારીયા, જીતેન્દ્ર ઠાકોર, ઉસ્માન પઠાણ, મહેશ પટેલ (ધારાસભ્ય), દ્વારા અનેક ચાલતા કાર્યો નવા કાર્યો અંગે પુરતી વિગતો અને તેઓના વિસ્તારના સુખાકારીના કાર્યોના થતાં ભારે હોબાળો મચાવ્યો હતો. જ્યારે સાંસદ સ્વ. મુકેશ ગઢવી અને જિ. પંચાયતના ઉપ પ્રમુખ સુખદેવસિંહ સોઢાના પુત્ર રાજવીરસિંહ સોઢાના આકસ્મિક અવસાન થતા પાલનપુર નગરપાલિકાના સભ્યો દ્વારા મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## દહેગામ ધારાસભ્યને જાનથી મારી નાંખવાની ચીઠ્ઠીથી તર્ક-વિતર્ક

### મને બદનામ કરવાનું કાવતરૂ છે : રોહીતજી ઠાકોર

દહેગામ, તા. ૨૮

દહેગામ તાલુકાની વિધાનસભા બેઠક પરથી ચુંટાઈ આવેલા મહિલા ધારાસભ્ય કામીનીબા રાઠોડને મારી નાંખવાની સોપારી અપાઈ હોવાની ચિઠ્ઠીએ રાજકીય ભુકંપ સર્જવાની સાથોસાથ અનેક તર્ક-વિતર્ક ઉભા કર્યા છે. ઉત્તરપ્રદેશના લોકોને સોપારી દેવામાં આવી હોવા ઉપરાંત ચુંટણીજંગમાં સામે પક્ષે ભાજપમાંથી



ઉભા રહેલા ઉમેદવાર રોહીતજી ઠાકોરની સંડોવણીનો ઉલ્લેખ ઉપરોક્ત મળી આવેલી ચિઠ્ઠીમાં હોવાથી તપાસ એલ.સી.બી.ને સોંપવામાં આવી છે. ત્યારે આ ચિઠ્ઠી કોણે અને શા માટે મોકલી ? તે સહિતના પ્રશ્નોએ ગ્રામજનો સહિત રાજકારણીઓમાં પણ ચર્ચા પકડી છે. આ ચિઠ્ઠી સંદર્ભે રોહીતજી ઠાકોરનું પોલીસે નિવેદન લીધુ હતું. જેમાં તેમને બદનામ કરવા માટેનું કોઈ શખ્સોનું કાવતરૂ હોવાનું રોહીતજી ઠાકોરે જણાવ્યું હતું. મહિલા ધારાસભ્યને મારી નાંખવા માટે સોપારી અપાયાની ચિઠ્ઠીથી સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## ધનસુરામાં રંગેચંગે ઉજવાઈ હોળી-ધૂળેટી

ધનસુરા, તા. ૨૮

ધનસુરા તાલુકામાં હોળી અને ધૂળેટીનો પર્વ હર્ષ, ભક્તિ, શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે રંગેચંગે મનાવવામાં આવ્યો હતો. જનતાનગર, શ્રીજી સોસાયટી, ધનરપામનગરમાં રાત્રીના ૮.૩૦ કલાકે હોળીને અગ્નિ પ્રગટાવી ધાણી, ચણા, ખજૂર પધરાવી અસંખ્ય લોકોએ દર્શનનો લાભ લીધો હતો. બીજે દિવસે ધૂળેટીના તહેવારમાં અબિલ, ગુલાલ ઉડાડી રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. નાના બાળકો દ્વારા હાથમાં પીચકારી લઈ એકબીજાને રંગતા દેખાતા હતા. ધનસુરાના ગોકુળનાથજીના મંદિરે ડોલોત્સવના દર્શનમાં ઠાકોરજીને હોળી ખેલાયા બાદ ઉપસ્થિત તમામ વૈષ્ણવ ભાઈ બહેનોને અબિલ ગુલાલ અને કેસુડાના રંગથી રંગવામાં આવ્યા હતા.

## રાજ્યમાં વસતા ૪૧૧ સિંહો માટે પીવાના પાણી અને ખોરાકની ચિંતા કરતાં પરેશ ધાનાણી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં અમરેલીનાં ધારાસભ્ય શ્રી પરેશ ધાનાણી દ્વારા ચર્ચામાં ભાગ લેતાં અન્ય ધારાસભ્યશ્રીનાં પ્રશ્નમાં એવો પેટા પ્રશ્ન પુછ્યો હતો કે રાજ્યમાં ૪૧૧ સિંહો નોંધાયેલા છે અને એ પૈકી ૧૧૪ સિંહોએ ગીરથી બહાર અમરેલી, લીલીયા, ત્રાકજ, મહુવા, પાલિતાણા અને દરિયાકાંઠે ગીર છોડીને વસવાટ કરે છે. ચાલુ વર્ષે ગીરની અંદર ઓછા વરસાદના કારણે પીવાના પાણીની બહુ જ તકલીફ છે.ત્યાં અંદર સિહં જેવા પ્રાણીઓને પીવાના પાણીની વ્યવસ્થા નથી અને ત્યાંથી માલઢોર પણ હિજરત કરી ગયો છે. એટલે સિંહો એની પાછળ પાછળ જંગલ છોડીને રેવન્યુ વિસ્તારની અંદર બહોળા પ્રમાણમાં વસતા થયા છે. ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી એ છે કે ગીરની અંદર અને જ્યાં જ્યાં સિંહ વસે છે ત્યાં એના પીવાના પાણીની અને એના ખોરાક માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માંગે છે કે કેમ ? આ પ્રશ્ને વન મંત્રીશ્રીએ મૌખિક જવાબમાં જણાવ્યું કે સિંહોની વસ્તી અને વિસ્તાર મેં જેમ કહ્યું તે પ્રમાણે બ્રુહદ ગીર સુધીનો એનો વિસ્તાર વિસ્તરેલો છે. ભુતકાળમાં વિસ્તરેલો હતો અને આજે પણ છે અને પીવાના પાણી માટેની વ્યવસ્થાઓ રાજ્ય સરકારે કરેલી છે અને એના કારણે પાણીની કોઈ સમસ્યા આ પ્રાણીઓ માટેની નથી.

## ખેડબ્રહ્માની આર્ડેકલા એન્જિનીયરીંગ કોલેજને ડિપ્લોમાં એન્જિનીયરીંગની મંજુરી મળી

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્માની આર્ડેકલા એન્જિનીયરીંગ કોલેજમાં જુન-૨૦૧૧થી ડિગ્રી એન્જિનીયરીંગના મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સિવિલ, કોમ્પ્યુટર તથા ઈ.સી. જેવા કોર્સની મંજુરી AICTE NeW Delhi દ્વારા મળેલી છે. જેમાં ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં ચાલુ શૈક્ષણિક વર્ષ જુન-૨૦૧૩ થી AICTE ન્યુ દિલ્હી દ્વારા કોલેજને ધોરણ-૧૦ પછીની ડિપ્લોમાં કોલેજના મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ અને સિવિલ કોર્ષને મંજુરી મળતાં ઈડર, વડાલી, ભિલોડા, વિજયનગર, દાંતા, અંબાજી, વિસ્તારના વિદ્યાર્થીઓને ઘર આંગણે ટેકનીકલ શિક્ષણની સુવિધા ઉભી થયેલ કોઈ ભારતીય કિસાન સંઘના પ્રદેશ ઉપાયક્ષ શામળભાઈ પટેલ સહિતના તમામ નાગરીકોમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન